GJRJ050003592002

જેતપુરના પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને

એડી. ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં

શ્રી પી. ડી. મોદી પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને

એડી. ચીફ જયુડી.મેજી.શ્રી

FORM-A

જજમેન્ટની તારીખ – ૦૧.૦૭.૨૦૨૬

ફોજદારી કેસ નં. – ૨૧૨૨/૨૦૦૨

જેતપુર સીટી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ. ર. નં. ૩૧૨૨/૧૯૯૯

ફરિયાદી – સ્ટેટ ઓફ ગુજરાત

ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી – શ્રી ડી.બી. પંચાલ તથા

શ્રી એ.જે. વળવી.

આરોપી/ઓ – રાજેન્દ્ર કરશનભાઈ દેગડા વિગેરે ૧

આરોપીપક્ષે વિ.વ.શ્રી – શ્રી એન .બી. પંડ્યા.

FORM-B

ગુન્હો બન્યા તારીખ – ૧૫.૦૬.૧૯૯૪ થી

૩૧.૦૭.૧૯૯૯ સુધી

એફ.આઈ.આર.ની તારીખ – ૩૧.૦૭.૧૯૯૯

ચાર્જશીટની તારીખ – ૨૪.૦૧.૨૦૦૨

ચાર્જફ્રેમ કર્યા તારીખ – --------

....

A.C.J.M., JETPUR.

પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ – ૧૬.૦૨.૨૦૧૬

કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ – ૦૧.૦૭.૨૦૨૬

જજમેન્ટની તારીખ – ૦૧.૦૭.૨૦૨૬

સજાના હુકમની તારીખ, જો હોય તો – લાગુ પડતુ નથી.

<u>આરોપીની વિગતઃ-</u>

ક્રમ	આરોપીનું નામ	ધરપકડ કર્યા તારીખ	જામીન પર છોડ્યા તારીખ	કયા ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે	શું દોષી/ નિર્દોષ	સજા ની વિગત	ટ્રાયલ દરમિયાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી.આર.પી.સી. ૪૨૮ મુજબ
૧. ૨.	રાજેન્દ્ર કરશનભાઇ દેગડા વિજયાબેન ડો/ઓ કરશનભાઇ દેગડા	૦૩.૧૧.૧૯૯૯ ૦૩.૧૧.૧૯૯૯	૦૩.૧૧.૧૯૯૯ ૦૩.૧૧.૧૯૯૯	આવશ્યક ચીજવસ્તુ ધારા અધીનીયમની કલમ-૩, ૭	નિર્દોષ	- -	- - -

<u>FORM-C</u>

<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

(એ) ફરીયાદ પક્ષ તરફેના સાહેદઃ-

ક્રમ	સાહેદ નં. (ચાર્જશીટ મુજબ)	સાક્ષીઓના નામ	પુરાવાનો પ્રકાર
૧.	૦૪	કેશુભાઇ મુળજીભાઇ રાંક	મૌખિક તેમજ

			દસ્તાવેજી
૨.	૦૫	ઇકબાલભાઇ ઇબ્રાહીમભાઇ ડબગર	મૌખિક તેમજ દસ્તાવેજી
૩.	૦૨	જયસુખભાઇ નાથાભાઇ ટીંબડીયા	મૌખિક તેમજ દસ્તાવેજી
૪.	૦૧	વલ્લભભાઇ નારણભાઇ વેકરીયા	મૌખિક તેમજ દસ્તાવેજી
૫.	૦૬	રાજેશકુમાર સેવારામ તીરથાણી	મૌખિક તેમજ દસ્તાવેજી
૬.	૧૦	લાલદાસ મણીરામ દુધરેજીયા	મૌખિક

(બી) બચાવ પક્ષ તરફેના સાહેદ જો હોય તો,

ક્રમ	સાહેદ નં.	સાહેદનું નામ	ક્યા પ્રકારનો સાહેદ/પુરાવો
-	-	-	-

(સી) કોર્ટ તરફના સાહેદ જો કોઇ હોય તો,

ક્રમ	સાહેદ નં.	સાહેદનું નામ	ક્યા પ્રકારનો સાહેદ/પુરાવો
-	-	-	-

<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટ તરફે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા</u>

(એ) ફરીયાદપક્ષે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા

ક્રમ	સાહેદ નં. (ચાર્જશીટ મુજબ) પી/ડબલ્યુ	આંક	વિગત
૧.	૦૪	૭૪ અને ૭૫	મૌખિક પુરાવો તથા મામલતદાર દ્વારા લીધેલ નિવેદન

૨.	૦૫	૭૬ અને ૭૭	મૌખિક પુરાવો તથા મામલતદાર દ્બારા લીધેલ નિવેદન
૩.	૦૨	૭૯ અને ૮૦	મૌખિક પુરાવો તથા મામલતદાર દ્બારા લીધેલ નિવેદન
૪.	૦૧	૮૨ અને ૮૩	મૌખિક પુરાવો તથા ફરીયાદ
૫.	૦૬	૮૮ અને ૮૯, ૯૦	મૌખિક પુરાવો તથા મામલતદાર દ્બારા લીધેલ નિવેદન, પાનકાર્ડની ઝેરોક્ષ નકલ
૬.	૧૦	૧૬૪	મૌખિક પુરાવો
૭.		૧૨૩	ત.ક. અમલદારનું સમન્સ તેઓના મરણના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ સહીત પરત ફરેલ તે
૮.		૭૦ અને ૭૧	સાહેદ નં. ૩ મણીશંકર દેવશંકર પંડ્યાનું સમન્સ તેઓના મરણના પ્રમાણપત્રની ખરી નકલ સહીત પરત ફરેલ તે

(બી) બચાવ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા

ક્રમ	દસ્તાવેજનું નામ	નિશાની
–	–	–

(સી) કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા

ક્રમ	દસ્તાવેજનું નામ	દસ્તાવેજનું વર્ણન
–	–	–

(ડી) મુદ્દામાલની વિગત

અ.નં.	આર્ટીકલ નં.	મુદ્દામાલની વિગત
–	–	–

સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૨૪-૦૧-૨૦૦૨
રજીસ્ટર તારીખ : ૨૪-૦૧-૨૦૦૨
ફેસલ તારીખ : ૦૧-૦૭-૨૦૨૬
સમયગાળો : <u>વર્ષ-માસ-દિવસ</u>
૨૪ -૦૫ - ૦૭

જેતપુરના પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં

ફોજદારી કેસ નં.૨૧૨૨/૨૦૦૨
આંક-૧૯૮

ફરીયાદીઃ- શ્રી સરકાર,

વિરૂધ્ધ

આરોપીઃ-

1. રાજેન્દ્ર કરશનભાઇ દેગડા(સદર આરોપી ગુજરી જતાં તેઓની સામેનો કેસ એબેટથી મારા પુરોગામીશ્રીએ ફેંસલ કરેલ છે.)

2. વિજયાબેન ડો/ઓ કરશનભાઇ દેગડા
બંન્ને રહે. જેતપુર.

ગુનોઃ- આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમની કલમ-૩ અને ૭ મુજબ

ફરીયાદ પક્ષેઃ- વિદ્વાન એ.પી.પી. શ્રી એ.જે. વળવી.

આરોપી પક્ષેઃ- વિદ્વાન વ.શ્રી એન.બી. પંડ્યા.

સી.આર.પી.સી. પ્રકરણ-૨૭ ની કલમ-૩૫૩ અને કલમ-૩૫૪ તેમજ ક્રિમીનલ મેન્યુઅલ પેરા નં.૧૭૨ મુજબ.

//ચુ કા દો//

....
A.C.J.M., JETPUR.

1. **ફરીયાદપક્ષની ટુંકમાં હકિકત**

આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી નં. ૧ જે સિદ્ધાર્થ ટ્રેડર્સ, જેતપુરના સંચાલક છે અને આરોપી નં. ૨ જે સિદ્ધાર્થ ટ્રેડર્સ, જેતપુરના પ્રોપરાઇટર છે અને આરોપી નં. ૨ સિદ્ધાર્થ ટ્રેડર્સના નામે વિરપુર ગામમાં કેરોસીનનો છુટક લાયસન્સ નંબર ૫૬૫/૯૪ ધરાવે છે અને આ લાયસન્સ ઉપર સરકારશ્રી તરફથી જાહેર વિતરણ હેઠળ લોકોને વિતરણ કરવા માટે આપવામાં આવતો કેરોસીનનો જથ્થો માહે માર્ચ-૯૪ થી માર્ચ-૯૮ સુધીના સમય દરમિયાન કુલ ૧,૨૨,૩૦૦/- લીટર કેરોસીન રેશનકાર્ડ ધારકોને આપવાના બદલે બારોબાર અનઅધિકૃત રીતે વેચાણ કરી તે રીતે આરોપીઓએ ગુન્હો આચરેલ છે. જે સંબંધી ફરીયાદી વલ્લભભાઇ નારણભાઇ વેકરીયાનાઓએ જેતપુર સીટી પોલીસ મથકે ફરીયાદ કરતાં જે ફરીયાદ જેતપુર સીટી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ. ર. નં. ૩૧૨૨/૧૯૯૯ થી તા.૩૧.૦૭.૧૯૯૯ ના રોજ નોંધેલ છે. ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તથા જરૂરી કાર્યવાહીના અંતે તેઓના મંતવ્ય મુજબ આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થઈ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે હાથ ધરવામાં આવેલ છે.

2. **અદાલતે અનુસરેલી કાર્યવાહીઃ**

હાલના કામે રેકર્ડ જોતાં, હાલનો કેસ ફોજદારી કેસ નં. ૩૧૫૮/૯૯ થી રજીસ્ટર્ડ થયેલ હોવાનું જણાય આવે છે તેમજ તા.૨૧.૦૧.૨૦૦૨ ના રોજ સદરહું કેસ મારા પુરોગામીશ્રીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૩૩ અન્વયે રાજકોટના સ્પેશ્યલ જજ સાહેબની કોર્ટમાં કમીટ કરવીનો હુકમ ફરમાવેલ છે. ત્યારબાદ હાલના કામે રેકર્ડ જોતાં,

તા.૧૭.૦૭.૨૦૦૨ ના રોજકામમાં હાલનો કેસ નામદાર ડીસ્ટ્રીક્ટ જજશ્રીના કચેરી હુકમ નં. ૩૬૧૪/૨૦૦૮, તા.૧૨.૦૭.૨૦૦૨ થી ટ્રાન્સફર કરેલનું રોજકામ છે.

1. અદાલતમાં ચાર્જશીટ થયા બાદ સી.આર.પી.સી.ની કલમ-૧૯૦(બી) મુજબનું સંજ્ઞાન લઈ આરોપીઓ ઉપર ધોરણસર પ્રોસેસ/સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ અને જેની ધોરણસર બજવણી થતાં આરોપીઓ અદાલતમાં હાજર થયેલા. આરોપી સામેનો કેસ સી.આર.પી.સી.ની કલમ-૨(એકસ) મુજબ વોરંટ ટ્રાયેબલ કેસ છે. આથી સી.આર.પી.સી.ના પ્રકરણ-૧૯માં જણાવ્યા મુજબની કાર્યવાહી અદાલત દ્વારા કરવામાં આવેલ છે. સી.આર.પી.સી.ની કલમ-૨૩૮ ની જોગવાઈ મુજબ આરોપીઓને ક્રિ. પ્રો. કોડ કલમ-૨૦૭ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી છે અને જે આરોપીઓને મળ્યા બદલની ખાતરી આંક-૧(ચાર્જશીટ) લગત આરોપીઓની સહી લઈ કરવામાં આવેલ છે.

3. **<u>કાનુની સહાય અંગેઃ</u>**

આરોપીઓ અદાલતમાં હાજર થતા તેમને તેના વિરૂધ્ધમાં રહેલા કેસ અંગેની જાણ કરી તેમને એવું જણાવવામાં આવેલ છે કે, જો તેઓ તેમની સામે રહેલા કેસનો બચાવ કરવા માટે આર્થિક રીતે સક્ષમ ન હોય તો તેમને ભારતીય બંધારણના આર્ટીકલ-૩૯(એ) મુજબ તેમજ ગુજરાત લીગલ સર્વિસ ઓથોરીટી એકટમાં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ અત્રેની અદાલતની તાલુકા કાનુની સેવા સમિતિ દ્વારા કાનુની સહાય તેમને નિયમાનુસાર મળી શકે છે. આરોપીઓ એ અદાલત રૂબરૂ એવું જણાવેલ છે કે, તેઓ કાનુની સહાય મેળવવા માંગતા નથી અને તેમની પસંદગીના વકીલશ્રી કેસમાં તેમનો બચાવ કરવા માટે તેઓ દ્વારા રાખવામાં આવેલ છે એટલે કે, ભારતીય બંધારણના આર્ટીકલ ૨૨ તેમજ સી.આર.પી.સી.ની કલમ-૩૦૩

મુજબ આરોપીઓએ પોતાની પસંદગીના વકીલશ્રીની નિયુકતિ હાલના કામે કરેલ છે.

4. **<u>સી.આર.પી.સી.ની કલમ-૩૦૧:</u>**

સી.આર.પી.સી.ની કલમ-૩૦૧ ની જોગવાઈઓ તેમજ ક્રીમીનલ મેન્યુઅલ પેરા નં.૧૩૫ ની જોગવાઈ ધ્યાને લઈ, અત્રેની અદાલતના ફોજદારી કેસમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટરશ્રીએ સરકારપક્ષે હાજર રહી પ્રોસીકયુટીંગનું કામ કરેલ છે.

5. હાલના કામે આરોપીઓ હાજર નહીં રહેતા મારા પુરોગામીશ્રીએ આરોપીઓ વિરૂદ્ધ બીન જામીનલાયક વોરંટ ઇશ્યુ કરેલ અને તા.૦૭.૦૭.૨૦૧૫ ના રોજ આરોપી નં. ૨ તેમના વિ.વ.શ્રી સહિત અદાલત સમક્ષ હાજર થયેલ અને તેઓની વિરૂદ્ધનું બીન જામીનલાયક વોરંટ રદ્દ કરાવેલ. હાલના કામે આરોપી નં. ૧ ગુજરી જતાં આંક-૨ ની પુરસીસ સાથે રજુ થયેલ માર્ક-૨/૧ ના મરણ પ્રમાણપત્રને ધ્યાને લઈ મારા પુરોગામીશ્રીએ આરોપી નં.૧ રાજેન્દ્ર કરશનભાઇ દેગડા સામેનો કેસ એબેટથી ફેંસલ કરવાનો આંક-૧ લગત હુકમ ફરમાવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલના કામે મારા પુરોગામીશ્રીએ આરોપી નં. ૨ હાજર થયેલ ત્યારે આરોપી નં. ૨ સામે તહોમતનામું ફરમાવેલ નથી અને હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખેલ છે.

6. ફરીયાદપક્ષે આરોપી સામે આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમની કલમ-૩ અને ૭ મુજબનો ગુનો પુરવાર કરવા માટે નીચે જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક પુરાવો</u>

અ.નં.	વિગત	આંક
૧.	સાહેદ કેશુભાઇ મુળજીભાઇ રાંકની જુબાની	૭૪
૨.	સાહેદ ઇકબાલભાઇ ઇબ્રાહીમભાઇ ડબગરની જુબાની	૭૬
૩.	સાહેદ જયસુખભાઇ નાથાભાઇ ટીંબડીયાની જુબાની	૭૯

૪.	ફરીયાદી વલ્લભભાઈ નારણભાઈ વેકરીયાની જુબાની	૮૨
૫.	સાહેદ રાજેશકુમાર સેવારામ તીરથાણીની જુબાની	૮૮
૬.	સાહેદ લાલદાસ મણીરામ દુધરેજીયાની જુબાની	૧૬૪

<u>દસ્તાવેજી પુરાવો</u>

અ.નં.	વિગત	આંક
૧.	મામલતદારશ્રી દ્વારા લીધેલ નિવેદનો	૭૫, ૭૭, ૮૦ અને ૮૯
૨.	ફરીયાદ	૮૩
૩.	પાનકાર્ડની ઝેરોક્ષ નકલ	૯૦
૪.	સાહેદ નં. ૩ મણીશંકર દેવશંકર પંડ્યાનું સમન્સ તેઓના મરણના પ્રમાણપત્રની ખરી નકલ સહીત પરત ફરેલ તે	૭૦ અને ૭૧
૫.	ત.ક. અમલદારનું સમન્સ તેઓના મરણના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ સહીત પરત ફરેલ તે	૧૨૩

7. ફરીયાદપક્ષનો પુરાવો સી.આર.પી.સી.ની કલમ-૨૭૩માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ આરોપીની હાજરીમાં લેવામાં આવેલ છે. અદાલત દ્વારા સી.આર.પી.સી.ની કલમ-૨૭૫, ૨૭૭ અને ૨૭૮ મુજબ વોરંટ કેસમાં રાખવાનો રેકર્ડ રાખવામાં આવેલ છે. સદર કેસનું રેકર્ડ જોતાં સી.આર.પી.સી.ની કલમ-૨૮૦ મુજબ સાક્ષીના વર્તન અંગે કોઈ વિશેષ નોંધ કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં ઉપરોકત જણાવ્યા સિવાયનો બીજો કોઈપણ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી આધારે પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે. વધુમાં, જયારે ફરીયાદપક્ષ દ્વારા રજુ રાખવામાં આવેલ ઉપરોકત મુજબનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો અન્ય પુરાવો નોંધવાથી કેસના ગુણદોષ ઉપર કોઈ ફરક પડે તેમ ના હોઈ ફરીયાદપક્ષનો અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતો નથી તેમજ કોર્ટનો વેલ્યુએબલ (કિંમતી)

સમય અને નાણાંનો વ્યય ન થાય તેથી પણ ફરીયાદપક્ષનો અન્ય પુરાવો લેવો જોઈએ નહીં. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો અન્ય પુરાવો નોંધવો વાજબી અને યોગ્ય જણાઈ આવતો ના હોઈ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

8. ફરીયાદપક્ષે પોતાના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પુરા થયા બાદ રજુ થયેલ પુરાવા અંગે ક્રિ. પ્રો. કોડ કલમ-૩૧૩ મુજબ આરોપી નં.૨ સામે ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવાના અનુસંધાનમાં વિગતવારના પ્રશ્નો તેમના વિ.વ.શ્રીની હાજરીમાં લેખિતમાં પુછવામાં આવેલ છે. જેમાં આરોપી નં. ૨ નાએ એવું જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓ વિરૂદ્ધ ખોટી ફરીયાદ કરેલ છે. વધુમાં આરોપી નં. ૨ નાએ જાતે સોંગદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે. તે રીતે સી.આર.પી.સી.ની કલમ-૨૪૩માં જોગવાઈ કર્યા મુજબનો બચાવપક્ષે આ કેસમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી.

9. <u>સી.આર.પી.સી.ની કલમ-૩૧૪ મુજબ દલીલોઃ</u>

ફરીયાદપક્ષે તેમજ બચાવપક્ષે કોઈ લેખિત દલીલો આ કામમાં રજુ કરેલ નથી. બંને પક્ષોએ નીચે મુજબની મૌખિક દલીલો રજુ કરેલ છે.

1. <u>ફરીયાદપક્ષની દલીલોઃ</u>

ફરીયાદપક્ષે વિ. એ.પી.પી. શ્રીનાઓએ પોતાની દલીલમાં હાલના કામે રેકર્ડ ઉપરના પુરાવાઓને ધ્યાને લઈ યોગ્ય હૂકમ કરવા અરજ ગુજારેલ છે.

2. <u>બચાવપક્ષની દલીલોઃ</u>

આરોપી નં.૨ તરફે તેઓના વિ.વ.શ્રીએ રેકર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ આરોપી નં. ૨ વિરૂદ્ધ આક્ષેપિત ગુન્હા નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી, આરોપી નં. ૨ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

10. ફરીયાદ હકીકત, રેકર્ડમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>-: મુદ્દાઓ :-</u>

1. શું ફરીયાદ પક્ષ નિશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આરોપી નં. ૧ જે સિદ્ધાર્થ ટ્રેડર્સ, જેતપુરના સંચાલક છે અને આરોપી નં. ૨ જે સિદ્ધાર્થ ટ્રેડર્સ, જેતપુરના પ્રોપરાઈટર છે અને આરોપી નં. ૨ સિદ્ધાર્થ ટ્રેડર્સના નામે વિરપુર ગામમાં કેરોસીનનો છુટક લાયસન્સ નંબર ૫૬૫/૯૪ ધરાવે છે અને આ લાયસન્સ ઉપર સરકારશ્રી તરફથી જાહેર વિતરણ હેઠળ લોકોને વિતરણ કરવા માટે આપવામાં આવતો કેરોસીનનો જથ્થો માહે માર્ચ-૯૪ થી માર્ચ-૯૮ સુધીના સમય દરમિયાન કુલ ૧,૨૨,૩૦૦/- લીટર કેરોસીન રેશનકાર્ડ ધારકોને આપવાના બદલે બારોબાર અનઅધિકૃત રીતે વેચાણ કરી તે રીતે આરોપીઓએ, આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમની કલમ-૩ અને ૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?
2. શું હુકમ ?

11. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેના કારણો સહીત નીચે મુજબ છે.

1. મુદ્દા નં.૧- નકારમાં.
2. મુદ્દા નં.૨- આખરી હુકમ મુજબ.

12. ફરીયાદ હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ, દલીલો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાના નિર્ણય અંગેના મારા વિગતવારના કારણો, તારણો નીચે મુજબ છે.

<u>કા ર ણો</u>

<u>મુદ્દા નં.૧</u>

13. કોઈપણ ફોજદારી પ્રક્રિયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે

છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવે છે. પ્રથમ અનુમાન આરોપીએ કરેલ ગુનામાં તેઓ નિર્દોષ છે અને આરોપી વિરૂધ્ધ કરવામાં આવતા આક્ષેપો નિઃશંકપણે એટલે કે શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે. જે કોઈપણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય તે કોર્ટમાં સાચું બોલતા હોય તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. વધુમાં, ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો આરોપીએ પુરાવાનાં કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માંહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. આપણી માનનીય સર્વોચ્ચ અદાલતે જુદા જુદા ચુકાદાઓમાં પુરાવાઓનું વિશ લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજીક અને પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદોની જુબાનીનું વિશ્લેષણ કરવું જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતાં માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલા ગુનાહીત કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલ છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી. આવા સંજોગોમાં તેઓ બધી વખતે પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરીયાદ પક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા,

વિસંગતતા અને અતિરેક દરગુજર કરવો જોઈએ પરંતુ, આવો અતિરેક કે વિસંગતતાના કારણે ફરીયાદપક્ષના કેસના મુળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ. કાયદાકીય ઉપરોકત સ્થિતિને ઘ્યાનમાં રાખી ફોજદારી કેસોમાં પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે.

14. વધુમાં, સરકાર તરફે આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ-૩ અને ૭ મુજબના ગુન્હાનો આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપ કરેલ છે ત્યારે આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ-૩ અને ૭ ની જોગવાઈ જે નીચે મુજબ છે તે જોઈએ તો,

The Essential Commodities Act, 1955 -

'Section 3. Powers to control production, supply, distribution, etc., of essential commodities.-

(1) If the Central Government is of opinion that it is necessary or expedient so to do for maintaining or increasing supplies of any essential commodity or for securing their equitable distribution and availability at fair prices, 1 [or for securing any essential commodity for the defence of India or the efficient conduct of military operations], it may, by order, provide for regulating or prohibiting the production, supply and distribution thereof and trade and commerce therein.

(2) Without prejudice to the generality of the powers conferred by sub section (1), an order made thereunder may provide-

(a) for regulating by licences, permits or otherwise the production or manufacture of any

essential commodity;

(b) for bringing under cultivation any waste or arable land, whether appurtenant to a building or not, for the growing thereon of food-crops generally or of specified food crops, and for otherwise maintaining or increasing the cultivation of food crops generally, or of specified food - crops.

(c) for controlling the price at which any essential commodity may be bought or sold;

(d) for regulating by licences, permits or otherwise the storage, transport, distribution, disposal, acquisition, use or consumption of, any essential commodity;

(e) for prohibiting the withholding from sale of any essential commodity ordinarily kept for sale;

2[(f) for requiring any person holding in stock, or engaged in the production, or in the business of buying or selling, of any essential commodity,-

(a) to sell the whole or a specified part of the quantity held in stock or produced or received by him or,

(b) in the case of any such commodity which is likely to be produced or received by him, to sell the whole or a specified part of such commodity when produced or received by him, to the Central Government or a State Government or to an officer

or agent of such Government or to a Corporation owned or controlled by such Government or to such other person or class of persons and in such circumstances as may be specified in the order.

Explanation 1.- An order made under this clause in relation to food grains, edible oilseeds or edible oils, may, having regard to the estimated production, in the concerned area, of such food grains, edible oilseeds and edible oils, fix the quantity to be sold by the prod ucers in such area and may also fix, or provide for the fixation of, such quantity on a graded basis, having regard to the aggregate of the area held by, or under the cultivation of, the producers.

Explanation 2.- For the purpose of this clause," production" with its grammatical variations and cognate expressions includes manufacture of edible oils and sugar;]

(g) for regulating or prohibiting any class of commercial or financial transactions relating to foodstuffs * which, in the opinion of the authority making the order, are, or, if unregulated, are likely to be, detrimental to the public interest;

(h) for collecting any information or statistics with a view to regulating or prohibiting any of the aforesaid matters;

(i) for requiring persons engaged in the production, supply or distribution of or trade and commerce in, any essential commodity to maintain and produce for inspection such books, accounts and records relating to their business and to furnish such information relating thereto, as may be specified in the order;

[(ii) for the grantor issue of licences, permits or other documents, the charging of fees therefore, the deposit of such sum, if any, as may be specified in the order as security for the due performance of the conditions of any such licence, permit or other document, the forfeiture of the sum so deposited or any part thereof for contravention of any such conditions, and the adjudication of such forfeiture by such authority as may be specified in the order;]

[(j) for any incidental and supplementary matters, including, in particular, the entry, search or examination of premises, aircraft, vessels, vehicles or other conveyances and animals, and the seizure by a person authorised to make such entry, search or examination,

(i) of any articles in respect of which such person has reason to believe that a contravention of the order has been, is being, or is about to be committed and any packages,coverings or

receptacles in which such articles are found;

(ii) of any aircraft, vessel, vehicle or other conveyance or animal used in carrying such articles, if such person has reason to believe that such aircraft, vessel, vehicle or other conveyance or animal is liable to be forfeited under the provisions of this Act;

((iii) of any books of accounts and documents which in the opinion of such person, may be useful for, or relevant to, any proceeding under this Act and the person from whose custody such books of accounts or documents are seized shall be entitled to make copies thereof or to take extracts therefrom in the presence of an officer having the custody of such books of accounts or documents.]]

(3) Where any person sells any essential commodity in compliance with an order made with reference to clause (f) of sub-section (2), there shall be paid to him the price therefore as hereinafter provided:-

(a) where the price can, consistently with the controlled price, if any, fixed under this section, be agreed upon, the agreed price;

(b) where no such agreement can be reached, the price calculated with reference to the controlled price, if any;

(c) where neither clause (a) nor clause (b) applies, the price calculated at the market rate prevailing in the locality at the date of sale.

[(3A) (i) If the Central Government is of opinion that it is necessary so to do for controlling the rise in prices or preventing the hoarding, of any food-stuff in any locality, it may, by notification in the Official Gazette, direct that notwithstanding anything contained in subsection (3), the price at which the food- stuff shall be sold in the locality in compliance with an order made with reference to clause (f) of sub-section (2) shall be regulated in accordance with the provisions of this sub-section.

(ii) Any notification issued under this sub-section shall remain in force for such period not exceeding three months as may be specified in the notification.

(iii) Where, after the issue of a notification under this sub - section, any person sells foodstuff of the kind specified therein and in the locality so specified, in compliance with an order made with reference to clause (f) of sub-section (2). there shall be paid to the seller as the price therefor-

(a) where the price can, consistently with the controlled price of the foodstuff, if any, fixed under this section, be agreed upon, the agreed price;

(b) where no such agreement can be reached, the price calculated with reference to the controlled price, if any;

(c) where neither clause (a) nor clause (b) applies, the price calculated with reference to average market rate prevailing in the locality during the period of three months immediately preceding the date of the notification.

(iv) For the purposes of sub-clause (c) of clause (iii), the average market rate prevailing in the locality shall be determined by an officer authorised by the Central Government in this behalf, with reference to the prevailing market rates for which published figures are available in respect of that locality or of a neighbouring locality; and the average market rate so determined shall be final and shall not be called in question in any court.]

[(3B) Where any person is required, by an order made with reference to clause (f) of sub-section (2), to sell to the Central Government or a State Government or to an officer or agent of such Government or to a Corporation owned or controlled by such Government, any grade or variety of foodgrains, edible oilseeds or edible oils in relation to which no notification has been issued under sub-section (3A), or such notification

having been issued, has ceased to be in force, there shall be paid to the person concerned, notwithstanding anything to the contrary contained in sub-section (3), an amount equal to theprocurement price of such food grains, edible oilseeds or edible oils, as the case may be, specified by the State Government, with the previous approval of the Central Government having regard to-

(a) the controlled price, if any, fixed under this section or by or under any other law for the time being in force for such grade or variety of food grains, edible oilseeds or edible oils;

(b) the general crop prospects;

(c) the need for making such grade or variety of food grains, edible oilseeds or edible oils available at reasonable prices to the consumers, particularly the vulnerable sections of the consumers; and

(d) the recommendations, if any, of the Agricultural Prices Commission with regard to the price of the concerned grade or variety of food grains, edible oilseeds or edible oils.]

[(3C) Where any producer is required by an order made with reference to clause (f) of sub-section (2) to sell any kind of sugar (whether to the Central Government or to a State Government or to an officer or agent of such Government or to

any other person or class of persons) whether a notification was issued under sub-section (3A) or otherwise, then, notwithstanding anything contained in sub-section (3), there shall be paid to that producer only such amount as the Central Government may, by order, determine, having regard to-

(a) the fair and remunerative price, if any, determined by the Central Government as the price of sugarcane to be taken into account under this section;

(b) the manufacturing cost of sugar;

(c) the duty or tax, if any, paid or payable thereon; and

(d) areasonable return on the capital employed in the business of manufacturing of sugar: Provided that the Central Government may determine different prices, from time to time, for different areas or factories or varieties of sugar: Provided further that where any provisional determination of price of levy sugar has been done in respect of sugar produced up to the sugar season 2008-2009, the final determination of price may be undertaken in accordance with the provisions of this sub-section as it stood immediately before the 1st day of October, 2009.

Explanation [I].-For the purposes of this sub-

section, -

(a) " fair and remunerative price " means the price of sugarcane determined by the Central Government under this section;

(b) " manufacturing cost of sugar" means the net cost incurred on conversion of sugarcane into sugar including net cost of transportation of sugarcane from the purchase centre to the factory gate, to the extent it is borne by the producer;

(c)" producer "means a person carrying on the business of manufacturing sugar;

(d) " reasonable return on the capital employed" means the return on net fixed assets plusworking capital of a producer in relation to manufacturing of sugar including procurement of sugarcane at a fair and remunerative price determined under this section.]

[Explanation II.-For the removal of doubts, it is hereby declared that the expressions "fair and remunerative price referred to in clause (a), “manufacturing cost of sugar" referred to in clause (b) and "reasonable return on the capital employed" referred to in clause (d), of this sub-section do not include the price paid or payable under any order or any enactment of any State Government and any price agreed to between the producer and the grower or a sugarcane growers'

co-operative society.]

[(3D) The Central Government may direct that no producer, importer or exporter shall sell or otherwise dispose of or deliver any kind of sugar or remove any kind of sugar from the bonded godowns of the factory in which it is produced, whether such godowns are situated within the premises of the factory or outside or from the warehouses of the importers or exporters, as the case may be except under and in accordance with the direction issued by the Government:Provided that this sub-section shall not affect the pledging of such sugarby any producer or importer in favour of any scheduled bank as defined in clause (e) of section 2 of the Reserve Bank of India Act, 1934(2 of 1934)or any corresponding new bank constituted under section 3 of the Banking Companies (Acquisition and Transfer of Undertakings) Act, 1970 (5 of 1970), so, however, that no such hank shall sell the sugar pledged to it except under and in accordance with a direction issued by the Central Government.

(3E) The Central Government may, from time to time, by general or special order, direct any producer or importer or exporter or recognised dealer or any class of producers or recognised dealers, to take action regarding production,

maintenance of stocks, storage, sale, grading, packing, marking, weighment, disposal, delivery and distribution of any kind of sugar in the manner specified in the direction.

Explanation. For the purposes of sub-section (3D) and this sub-section,-

(a) producer" means a person carrying on the business of manufacturing sugar;

(b) recognised dealer" means a person carrying on the business of purchasing, selling or distributing sugar;7

(c) sugar" includes plantation white sugar, raw sugar and refined sugar, whether indigenously produced or imported.]

(4) If the Central Government is of opinion that it is necessary so to do for maintaining or increasing the production and supply of an essential commodity, it may, by order, authorize any person (hereinafter referred to as an authorized controller) to exercise, with respect to the whole or any part of any such undertaking engaged in the production and supply of the commodity as may be specified in the order such functions of control as may be provided therein and so long as such order is in force with respect to any undertaking or part thereof, (a) the authorized controller shall exercise his functions in

accordance with any instructions given to him by the Central Government, so, however, that he shall not have any power to give any direction inconsistent with the provisions of any enactment or any instrument determining the functions of the persons in-charge of the management of the undertaking, except in so far as may be specifically provided by the order, and (b) the undertaking or part shall be carried on in accordance with any directions given by the authorised controller under the provisions of the order, and any person having any functions of management in relation to the undertaking or part shall comply with any such directions.

(5) An order made under this section shall,-(a) in the case of an order of a general nature or affecting a class of persons, be notified in the Official Gazette; and (b) in the case of an order directed to a specified individual be served on such individual-(i) by delivering or tendering it to that individual, or (ii) if it cannot be so delivered or tendered, by affixing it on the outer door or some other conspicuous part of the premises in which that individual lives, and a written report there of shall be prepared and witnessed by two persons living in the neighbourhood.

(6) Every order made under this section by the

Central Government or by any officer or authority of the Central Government shall be laid before both Houses of Parliament, as soon as may be, after it is made.'

'Section 7 Penalties - 1[(1) If any person contravenes any order made under
Section 3,-
(a) he shall be punishable, -
(i) in the case of an order made with reference to clause (h) or clause (i) of sub-section (2) of that section, with imprisonment for a term which may extend to one year and shall also be liable to fine, and
(ii) in the case of any other order, with imprisonment for a term which shall not be less than three months but which may extend to seven years and shall also be liable to fine:
Provided that the court may, for any adequate and special reasons to be mentioned in the judgment, impose a sentence of imprisonment for a term of less than three months;
(b) any property in respect of which the order has been contravened shall be forfeited to the Government;
(c) any package, covering or receptacle in which the property is found and any animal, vehicle,

vessel or other conveyance used in carrying the property shall, if the court so orders, be forfeited to the Government.

(2) If any person to whom a direction is given under clause (b) of sub-section (4) of section 3 fails to comply with the direction, he shall be punishable with imprisonment for a term which shall not be less than three months but which may extend to seven years and shall also be liable to fine:

Provided that the court may, for any adequate and special reasons to be mentioned in the judgment, impose a sentence of imprisonment for a term of less than three months.

(2A) If any person convicted of an offence under sub clause (ii) of clause (a) of sub-section (1) or under sub-section (2) is again convicted of an offence under the same provision, he shall be punishable with imprisonment for the second and for every subsequent offence for a term which shall not be less than six months but which may extend to seven years and shall also be liable to fine:

Provided that the court may, for any adequate and special reasons to be mentioned in the judgment, impose a sentence of imprisonment for a term of less than six months.

(2B) For the purposes of sub-sections (1), (2) and (2A), the fact that an offence under sub-clause
(ii) of clause (a) of sub-section (1) or under sub-section (2) has caused no substantial harm to the general public or to any individual shall be an adequate and special reason for awarding a sentence of imprisonment for a term of less than three months or six months, as the case may be.

2 [(3) Where a person having been convicted of an offence under sub section (1) is again convicted of an offence under that sub-section for contravention of an order in respect of an essential commodity, the court by which such person is convicted shall, in addition to any penalty which may be imposed on him under that sub-section, by order, direct that that person shall not carry on any business in that essential commodity for such period, not being less than six months, as may be specified by the Court in the Order.]'

15. હાલના કામે ઉપરોકત જણાવ્યા મુજબનો ફરીયાદપક્ષનો મુદ્દા માંહેની હકીકતનો કેસ પુરવાર કરવા માટે હાલના કામે ફરીયાદપક્ષે ઉપરોકત મુજબના રજુ રાખેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું ઉપરોકત જણાવેલ કાયદાકીય સ્થિતિને તથા કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં રાખી નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

ફરીયાદ પક્ષે રજુ કરેલા પુરાવાઓનું મુલ્યાંકન

16. હાલના કામે ફરીયાદપક્ષે અનુક્રમે આંક-૭૪ થી સાહેદ કેશુભાઇ

મુળજીભાઇ રાંક, આંક-૭૬ થી સાહેદ ઇકબાલભાઇ ઇબ્રાહીમભાઇ ડબગર, આંક-૭૯ થી સાહેદ જયસુખભાઇ નાથાભાઇ ટીંબડીયા અને આંક-૮૮ થી સાહેદ રાજેશકુમાર સેવારામ તીરથાણીનાઓને તપાસેલ છે. સદર સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, તેઓ પોતાની જુબાનીમાં અનુક્રમે આંક-૭૫, આંક-૭૭, આંક-૮૦ તથા આંક-૮૯ થી તેઓના મામલતદારશ્રી દ્વારા લીધેલ નિવેદન રજુ રાખે છે તેમજ સાહેદ રાજેશકુમાર સેવારામ તીરથાણીનાઓ તેમના પુરાવામાં આંક-૯૦ થી પાનકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ રાખે છે પરંતુ, સદર સાહેદો તેમના પુરાવામાં બનાવ સંબંધે તેઓ કંઇ જાણતા નથી તેમજ કોઇ મામલતદારે સહી/અંગુઠો લીધેલ હોય તેવુ હાલ યાદ નથી તેવુ જણાવે છે અને તે રીતે સદર સાહેદો ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકતને સમર્થન આપતા ના હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તે તમામ સાહેદોને ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર કરેલ છે અને બાદમાં અદાલતની પરવાનગી થી સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર તમામ સાહેદો ફરીયાદપક્ષના કેસના મુદ્દા માહેની હકીકતને સમર્થન આપે તેવો કોઇ ફળદાયી પુરાવો રજુ રાખતા નથી. વધુમાં, સદર સાહેદોની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદો કબુલ રાખે છે કે, "મામલતદારશ્રીના બોલાવવાથી મામલતદાર રૂબરૂ તેઓએ કોઇ નિવેદન આપ્યુ હોય તેવું બનેલ નથી. લખેલા કાગળમાં સહી/અંગુઠો કર્યા સિવાય બાકીની કોઇ હકીકત તેઓ જાણતા નથી." આમ, સદર તમામ સાહેદો એ ફરી ગયેલ સાહેદો છે અને ફરીયાદપક્ષના કેસના મુદ્દા માહેની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી તે સંજોગોમાં સદર સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

17. હાલના કામે ફરીયાદપક્ષે આંક-૮૨ થી તપાસેલ ફરીયાદી વલ્લભભાઇ નારણભાઇ વેકરીયાનાઓએ તેમના પુરાવામાં તા.૩૦.૦૭.૧૯૯૯ ના રોજ મામલતદાર કચેરી, જેતપુરમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા

હતા ત્યારે વિરપુર ગામનો કેરોસીનનો પરવાનો ધરાવનાર વિજીયાબેન કરશનભાઇ વેગડા સિદ્ધાર્થ ટ્રેડર્સ વાળાએ માર્ચ-૧૯૯૪ થી ૧૯૯૮ સુધીના સમય દરમિયાન ૧,૨૨,૩૦૦/- લીટર રેશનકાર્ડ ધારકોને આપવાને બદલે બારોબાર અનઅધિકૃત રીતે વેચાણ કરેલ હોય જે અંગે તેઓને કલેક્ટર રાજકોટનાઓએ તા.૦૩.૦૬.૧૯૯૯ ના પત્રથી આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ-૩ ના ભંગ બદલ કલમ-૭ મુજબ સિદ્ધાર્થ ટ્રેડર્સના પ્રોપરાઇટર વિજીયાબેન કરશનભાઇ તેમજ રાજુ દેગડા વિરૂદ્ધ ફરીયાદ કરવાનું જણાવતા તેઓએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલાનું જણાવે છે તથા જે ફરીયાદ આંક-૮૩ થી તેઓ રજુ રાખે છે અને આ રીતે સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકતને સમર્થન આપે છે પરંતુ, આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર ફરીયાદી કબુલ રાખે છે કે, "હાલના ગુનાની ફરીયાદ આપ્યા પછી તેઓએ કોઇ કામગીરી કરેલ નથી. તેઓની રૂબરૂમાં કોઇ કેરોસીનનો જથ્થો પકડાયેલ હોય અને તે સીઝ કર્યો હોય તેવું પણ બનેલ નથી. મૌખિક ફરીયાદ મળ્યા બાદ પણ તેઓએ આ કામે કોઇ પગલા લીધેલ નથી. તે વાતનો તેમને ખ્યાલ નથી કે જે તે સમયે ફરીયાદ સાથે તેમણે કોઈ દસ્તાવેજી પુરાવાઓ જોડેલ કે નહી. કલેક્ટરશ્રીના આદેશથી તેઓએ હાલના કામે ફરીયાદ કરેલી છે." વધુમાં, આરોપીપક્ષે સદર ફરીયાદીને પ્રશ્નઃ- માર્ચ-૧૯૯૪ થી માર્ચ-૧૯૯૮ સુધી સિદ્ધાર્થ ટ્રેડર્સના ગ્રાહકોએ કેરોસીન ન મળવા બાબતે કોઇ લેખિત ફરીયાદ કરેલ હોય તેવું બનેલ છે? તેવો પ્રશ્ન પુછતાં સદર ફરીયાદીએ જવાબઃ- તેઓને હાલના આરોપીઓ સામે તેઓના સમયગાળા દરમિયાન લેખિતમાં કોઇ ફરીયાદ મળેલ નથી પરંતુ મૌખિકમાં ફરીયાદ મળેલ છે તેવું જણાવેલ છે. આમ, સદર ફરીયાદીના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો, સદર ફરીયાદી કલેક્ટરશ્રી રાજકોટના આદેશ અનુસંધાને ફરીયાદ કરેલાનું જણાવે છે પરંતુ, કલેક્ટરશ્રી રાજકોટે કરેલ આદેશ રજુ રાખતા

નથી અને તે સંજોગોમાં કલેક્ટરશ્રી રાજકોટનાઓએ તેમને આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ કરવા માટે જણાવેલ હોય કે સત્તા આપેલ હોય તે બાબત શંકાસ્પદ બને છે. વધુમાં, સદર ફરીયાદી સ્પષ્ટ રીતે કબુલ રાખે છે કે, તેઓની રૂબરૂમાં કોઇ કેરોસીનનો જથ્થો પકડાયેલ હોય અને સીઝ કર્યો હોય તેવું પણ બનેલ નથી ત્યારે આરોપી દ્વારા ફરીયાદપક્ષના કેસના મુદ્દા માહેની હકીકત મુજબ કેરોસીનનો જથ્થો બારોબાર અનઅધિકૃત રીતે વેચાણ કરેલાની હકીકત પણ શંકાસ્પદ બને છે કારણ કે, જો આરોપીએ રેશનકાર્ડ ધારકોને આપવાનો જથ્થો રેશનકાર્ડ ધારકોને નહી આપીને બારોબાર અનઅધિકૃત રીતે વેચાણ કરેલ હોય તો આરોપીએ તેવો કેરોસીનનો જથ્થો સંગ્રહ કર્યા વગર બારોબાર અનઅધિકૃત રીતે કેવી રીતે અને કોને વેચાણ કરેલ છે તે ચોક્કસપણે કહી શકાય નહીં. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, સદર ફરીયાદી તેમના પુરાવામાં કલેક્ટરશ્રી રાજકોટના આદેશ મુજબ ફરીયાદ આપેલાનું જણાવે છે પરંતુ, આરોપીઓએ ૧,૨૨,૩૦૦/- લીટરનો કેરોસીનનો જથ્થો કેવી રીતે, કઇ જગ્યાએથી, કઇ કઇ વ્યક્તિઓને બારોબાર અનઅધિકૃત રીતે વેચાણ કરેલ છે તે અંગે લેશમાત્ર પુરાવો રજુ રાખતા નથી તેમજ કલેક્ટરશ્રી રાજકોટનો આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ કરવાનો આદેશ પણ રજુ રાખતા નથી ત્યારે માત્ર કલેક્ટરશ્રી રાજકોટના આદેશ મુજબ આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ કરી ફરીયાદ રજુ રાખતો ફરીયાદીનો પુરાવો ચોક્કસપણે શંકાસ્પદ બને છે અને આવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

18. ફરીયાદપક્ષે હાલના કામે આંક-૧૬૪ થી સાહેદ લાલદાસ મણીરામ દુધરેજીયાનાઓને તપાસેલ છે. સદર સાહેદ તેમના પુરાવામાં ૨૫-૩૦ વર્ષ પહેલા જેતપુર મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર પુરવઠા તરીકે ફરજ બજાવતા હતા તે વખતે વલ્લભભાઇ નારણભાઇ વેકરીયા મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા અને તેમના દ્વારા

વિરપુર ગામમાં કેરોસીનનો પરવાનો ધરાવનાર સિદ્ધાર્થ ટ્રેડર્સ વિરૂદ્ધ એસેન્સીયલ કોમોડીટી એક્ટ ગુના સબબની ફરીયાદ આપવામાં આવેલી અને મામલતદાર સાહેબના હુકમ અનુસાર તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધ્યા હશે તેવું જણાવે છે તેમજ આ સિવાય હાલ તેઓને બીજુ કંઇ યાદ નહી હોવાનું અને આ સિવાય બનાવને ૨૫-૩૦ વર્ષ થયા હોય તેઓને બીજુ યાદ નથી તેવું જણાવે છે. આમ, સદર સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો, સદર સાહેદ તેમના મામલતદારશ્રી વલ્લભભાઇ નારણભાઇ વેકરીયાએ આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ કરેલ તે અંગે જણાવે છે તથા મામલતદાર સાહેબશ્રીના હુકમ મુજબ તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધ્યા હશે તેવો પુરાવો આપે છે અને જે દર્શાવે છે કે, તેઓએ નિવેદન નોંધેલ છે કે કેમ તે તેમને ચોક્કસ યાદ નથી. વધુમાં, ફરીયાદપક્ષે તપાસેલ સ્વતંત્ર સાહેદોએ મામલતદારશ્રી દ્વારા કે નાયબ મામલતદારશ્રી દ્વારા તેઓના નિવેદન નોંધેલ હોય તે અંગે લેશમાત્ર પુરાવો આપેલ નથી તેમજ ફરીયાદપક્ષે તપાસેલ તેવા સ્વતંત્ર સાહેદો ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ ફરી ગયેલ સાહેદો છે. સદર સાહેદ નાયબ મામલતદાર તરીકે ૨૫-૩૦ વર્ષ પહેલા ફરજ બજાવતા હોવાનું જણાવે છે પરંતુ, ૨૫-૩૦ વર્ષ બનાવને થયેલ હોય બીજુ યાદ નથી તેવું જણાવે છે ત્યારે સદર સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસના મુદ્દા માહેની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી અને તે સંજોગોમાં સદર સાહેદના આવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

19. હાલના કામે સાહેદ નં. ૩ મણીશંકર દેવશંકર પંડ્યાનાઓને સમન્સ ઇશ્યુ કરતા તેઓનું સમન્સ તેઓના મરણના પ્રમાણપત્રની ખરી નકલ સહીત પરત ફરેલ જે હાલના કામે આંક-૭૦ અને આંક-૭૧ થી સામેલ રાખેલ છે. વધુમાં, હાલના કામે તપાસ કરનાર અમલદારનાઓને સમન્સ ઇશ્યુ કરતા તેઓનું સમન્સ તેઓના મરણના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ સહીત પરત ફરેલ જે હાલના કામે

આંક-૧૨૩ થી સામેલ છે. જેથી ઉપરોક્ત ફરીયાદપક્ષના સાહેદોને તપાસી શકાયેલ નથી.

20. સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ દ્વારા ઉપરોકત મુજબના જે પુરાવા રજુ કરવામાં આવેલ છે તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, હાલના કામે ફરીયાદપક્ષે આરોપીઓ દ્વારા આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ કેરોસીનના જથ્થા સંબંધે ક્યો કંટ્રોલ ઓર્ડર અસ્તિત્વમાં હતો તે અંગે લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી તેમજ તે સંબંધેનો કોઇ કંટ્રોલ ઓર્ડર પણ રજુ રાખેલ નથી તથા ફરીયાદપક્ષે આરોપીઓ પાસેથી કે આરોપીઓના કબજામાંથી કેરોસીનનો કોઇ જથ્થો તપાસ કરી સીઝ કરેલ હોય તેવો પણ લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી તથા ફરીયાદપક્ષે તપાસેલ તમામ સ્વતંત્ર સાહેદો એ ફરી ગયેલ સાહેદો છે અને ફરીયાદપક્ષના કેસના મુદ્દા માહેની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી તેમજ ફરીયાદપક્ષના ફરીયાદી કલેક્ટરશ્રી રાજકોટના જે હુકમ અનુસંધાને ફરીયાદ આપેલાનું જણાવે છે તેવો કલેક્ટરશ્રી રાજકોટનો કોઇ હુકમ પણ રજુ રાખતા નથી ત્યારે તેમજ ફરીયાદ પક્ષે એવો કોઈ સ્પષ્ટ, સચોટ, ચોકકસ, સીધો, સબળ અને શંકારહિત પુરાવો આપેલ નથી કે, આરોપી નં. ૧ જે સિદ્ધાર્થ ટ્રેડર્સ, જેતપુરના સંચાલક છે અને આરોપી નં. ૨ જે સિદ્ધાર્થ ટ્રેડર્સ, જેતપુરના પ્રોપરાઇટર છે અને આરોપી નં. ૨ સિદ્ધાર્થ ટ્રેડર્સના નામે વિરપુર ગામમાં કેરોસીનનો છુટક લાયસન્સ નંબર ૫૬૫/૯૪ ધરાવે છે અને આ લાયસન્સ ઉપર સરકારશ્રી તરફથી જાહેર વિતરણ હેઠળ લોકોને વિતરણ કરવા માટે આપવામાં આવતો કેરોસીનનો જથ્થો માહે માર્ચ-૯૪ થી માર્ચ-૯૮ સુધીના સમય દરમિયાન કુલ ૧,૨૨,૩૦૦/- લીટર કેરોસીન રેશનકાર્ડ ધારકોને આપવાના બદલે બારોબાર અનઅધિકૃત રીતે વેચાણ કરી તે રીતે આરોપીઓએ ગુન્હો આચરેલ છે ત્યારે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ, મુદ્દા

....
A.C.J.M., JETPUR.

નં.૧ નો જવાબ "**નકારમાં**" આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

//હુ ક મ//

1. આ કામના આરોપી નં.(૨) વિજયાબેન ડો/ઓ કરશનભાઈ દેગડા, રહે. જેતપુરનાઓને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૩૯ અન્વયે, આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમની કલમ-૩ અને ૭ મુજબના ગુનામાંથી બિન-તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. આરોપી નં. (૧) રાજેન્દ્ર કરશનભાઈ દેગડા ચાલુ કેસે મરણ ગયેલ તેમના વિરૂદ્ધનો કેસ મારા પુરોગામીશ્રીએ એબેટથી ફેસલ કરેલ છે.
3. આરોપી નં. (૨) ના અગાઉ આપેલ જામીનખત તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે.
4. આરોપી નં. (૨) એ ક્રિ.પ્રો.કો.ની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ અદાલતમાં જો અપીલ થાય તો હાજર રહેશે તેની ખાત્રી માટે આપેલ રૂા.૧૫,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ધારા-ધોરણસરના સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- હુકમ, આજ તારીખ ૦૧, માહે જુલાઈ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જેતપુર.
તા.૦૧.૦૭.૨૦૨૬

(પ્રણવ દિલીપકુમાર મોદી)
પ્રિન્સી. સિનિ. સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડી. મેજી.,જેતપુર.
કોડ નં.જીજે૦૧૨૦૨.

....
A.C.J.M., JETPUR.